## (1) ‘ચમકી તાવ’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ તાવને મેડિકલની ભાષામાં 'Acute Encephalitis Syndrome' કહે છે.

(2) આ તાવ મુખ્યત્વે બાળકોને થાય છે.

(3) આ તાવ ‘લિચિ’ ફળ સાથે સંકળાયેલ છે.

(4) આ તાવને કારણે થયેલાં મૃત્યુનું કારણ લોહીમાં સુગરનુ વધુ પ્રમાણ છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ કોરોના વાયરસ તથા લોકડાઉન વચ્ચે બિહારમાં ભયનો માહોલ વધ્યો છે કારણ કે, તાજેતરમાં ‘ચમકી તાવ’ના કારણે 3 લોકોના મૃત્યુ થયાં છે.

⇛ આ તાવને મેડિકલની ભાષામાં 'Acute Encephalitis Syndrome' (AES) કહે છે. ઉપરાંત તેને સ્થાનિક રીતે મગજનો તાવ પણ કહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ખાસ કરીને 15 વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં આ તાવ વધુ જોવા મળે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ બિમારીમાં શરૂઆતમાં ભારે તાવના લક્ષણો જોવા મળે છે. અન્ય લક્ષણોમાં આંચકી આવવી, ઝાડા–ઉલ્ટી થવા, કોમામાં જવું વગેરેનો સમાવેશ થાય છે.

⇛ આ તાવને કારણે થયેલા મૃત્યુનું કારણ હાઈપોગ્લાઈસીમિયા એટલે કે લોહીમાં સુગરની અછત છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ ગત વર્ષે આ તાવ લિચિ ફળના કારણે થયેલું હોવાનું માનવામાં આવ્યું હતું. લિચિમાં હાઈપોગ્લાયસિન અને મીથિલિન સાઈક્લોપ્રોપાઈલ ગ્લાઈસિન નામના તત્ત્વો મળી આવે છે, જે ફેટી એસિડ બનાવવામાં અવરોધરૂપ બને છે. પરિણામે લોહીમાં સુગરનું પ્રમાણ ઘટી જાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

## (2) નીચેનામાંથી કયા સાગરમાલા કાર્યક્રમના ઘટકો છે ?

(1) બંદર (પોર્ટ)નું આધુનીકિકરણ

(2) બંદર સાથે જોડાયેલ ઉદ્યોગીકરણ

(3) તટીય સમુદાયનો વિકાસ

(4) આંતરિક જળ પરિવહન

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ સાગરમાલા કાર્યક્રમ એ વહાણવટા મંત્રાલયનો મુખ્ય કાર્યક્રમ છે. આ કાર્યક્રમ બંદર થકી દેશનો વિકાસ કરવાનું લક્ષ્ય ધરાવે છે.

⇛ સાગરમાલા કાર્યક્રમના ઘટકો નીચે મુજબના છે :

1 બંદરનું આધુનીકિકરણ અને નવા બંદરનો વિકાસ : વર્તમાન બંદરની ક્ષમતામાં વધારો કરવો તથા નવા ગ્રીનફિલ્ડ બંદરનો વિકાસ કરવો.

2 બંદર સાથેના જોડાણમાં વધારો કરવો : દેશના આંતરિક વિસ્તારો સાથે બંદરોને જોડવા તથા માલ–સામાનના પરિવહનમાં લાગતા સમય અને કિંમતમાં ઘટાડો કરવો.

3 બંદર સાથે જોડાયેલ ઉદ્યોગીકરણ : બંદરની નજીકના વિસ્તારોમાં ઉદ્યોગોના એકમો તથા સમૂહની સ્થાપના કરવા માટે પ્રોત્સાહન આપવું.

4 તટીય સમુદાયનો વિકાસ : તટની નજીક રહેતાં લોકોના કૌશલ્યમાં વધારો કરવો તથા તેમની રોજગારીની તકો વધારવી.

5 તટીય વહાણ–વ્યવહાર તથા આંતરિક જળ પરિવહન : જળ દ્વારા પરિવહન એ પર્યાવરણને અનુકૂળ તથા ટકાઉ પદ્ધતિ છે. આથી, આ માર્ગે વધુ પરિવહન કરવું. (આથી, આપેલ દરેક વિધાન સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) 'C40 Cities' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ 40 વૈશ્વિક શહેરોનો એક સમૂહ છે.

(2) આ સમૂહમાં ભારતના માત્ર બે શહેર મુંબઈ અને બેંગાલુરુનો જ સમાવેશ થાય છે.

(3) તે આબોહવા પરિવર્તન સાથે સંકળાયેલા છે.

(4) તેની સ્થાપના વર્ષ 2005માં થઈ હતી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (2)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ C40 સિટિઝ ક્લાઈમેટ લીડરશીપ ગ્રુપ એ વિશ્વના 96 શહેરોનો સમૂહ છે કે જે વૈશ્વિક અર્થતંત્રનો 25% ભાગ ધરાવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ સમૂહ આબોહવા પરિવર્તનની સમસ્યા સાથે શહેરી પ્રક્રિયાઓ દ્વારા લડવા ઈચ્છે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ શહેરી પ્રક્રિયા દ્વારા ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને તથા આબોહવાના જોખમોને ઓછા કરવામાં આવશે.

⇛ આ વૈશ્વિક સમૂહની સ્થાપના ઓક્ટોબર, 2005માં લંડનમાં કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સમૂહમાં ભારતમાંથી સમાવિષ્ટ શહેરોમાં બેંગાલુરુ, ચેન્નાઈ, જયપુર, કોલકાતા, મુંબઈ અને નવી દિલ્હીનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) સરિસ્કા ટાઈઝર રિઝર્વ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે મધ્યપ્રદેશમાં જબલપુર નજીક આવેલ છે.
(2) તેનો કાઠિયાવાડ–ગીર ઈકો–રિજયનમાં સમાવેશ થાય છે.
(3) અહીંથી કોપર મળે છે.
(4) આ વિસ્તારને 1990માં રાષ્ટ્રીય ઉદ્યાનનો દરજ્જો મળેલ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ સરિસ્કા ટાઈઝર રિઝર્વ એ રાજસ્થાનના અલવાર જિલ્લામાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ 1955માં તેને વન્યજીવ સંરક્ષણ ક્ષેત્ર, 1978માં તેને ટાઈગર રિઝર્વ તથા 1990માં તેને રાષ્ટ્રીય ઉદ્યાન તરીકેનો દરજ્જો આપવામાં આવેલો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ઉત્તર અરવલ્લી ચિત્તા અને વન્યજીવ કોરીડોરનો તે એક મુખ્ય જૈવવિવિધતા વિસ્તાર છે.

⇛ તે અરવલ્લી શ્રેણીનો અને કાઠિયાવાડ–ગીર સૂકા ખરાઉ જંગલ જૈવવિસ્તાર (ઈકો–રિજયન)નો પણ ભાગ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ અહીં કોપર ખનીજ મળે છે. તથા સુપ્રીમ કોર્ટની મનાઈ હોવા છતાં અહીંથી મારબલનું ખનન થતું રહે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) મેગ્નેટોસ્ફીયર (Magnetosphere) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેનું નિર્માણ એવા તારા કે ગ્રહ દ્વારા થાય છે કે જેમાં સક્રિય આંતરિક ડાયનેમો હોય.

(2) આ ચુંબકીય ક્ષેત્ર ચુંબકીય દ્વિધ્રુવ કરતાં તદ્દન અલગ હોય છે.

(3) પૃથ્વી પરનું મેગ્નેટોસ્ફીયર સોલાર રેડિયેશનને અટકાવે છે.

(4) આ મેગ્નેટોસ્ફીયરને સૌર પવનો દ્વારા અસર થઈ શકે છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ કોઈ ખગોળીય પદાર્થની આસપાસ રહેલો અવકાશનો એવો વિસ્તાર કે જેમાં ચાર્જ્ડ પાર્ટીકલ આવેલાં હોય તેવા વિસ્તારને મેગ્નેટોસ્ફીયર કહે છે.

⇛ આ ચાર્જ્ડ પાર્ટીકલ તે પદાર્થના ચુંબકીય ક્ષેત્રને અસર કરે છે.

⇛ તેનું નિર્માણ એવાં તારા કે ગ્રહ દ્વારા થાય છે કે જેમાં સક્રિય આંતરિક ડાયનેમો આવેલો હોય. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ મેગ્નેટોસ્ફીયરનું ચુંબકીય ક્ષેત્ર ચુંબકીય દ્વિધ્રુવને મળતું આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ ચુંબકીય ક્ષેત્રને નજીકના તારામાંથી મુક્ત થતાં પ્લાઝમાના વહેણ દ્વારા અસર થઈ શકે છે. આ પ્રક્રિયા મુજબ પૃથ્વીના મેગ્નેટોસ્ફીયરને સૂર્યમાંથી નીકળતાં સૌર પવનો દ્વારા અસર થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ પૃથ્વી પરનું મેગ્નેટોસ્ફીયર સોલાર રેડિયેશનને અટકાવી શકે છે જેથી તેની હાનિકારક અસરોથી પૃથ્વી પરના સજીવોને રક્ષણ મળે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT